# રાયસણમાં પતિ-પત્નિના રહસ્યમય મૃત્યુ

**પરિવારના ચાર સભ્યો પૈકી ત્રણને ભોજન બાદ ઝેરની અસર થઈ : પતિ-પત્નિના મૃત્યુ થયા જ્યારે દિકરો આઈસીયુમાં દાખલ : શાકમાં કોઈએ ઝેર ભેળવી મોતનો ખેલ ખેલ્યો : ૧૭ વર્ષની પુત્રીએ ભોજન ના લેતા તેણીને કોઈ અસર ન થઈ : પોલીસે એફએસએલની મદદ લીધી : શાકમાં ઝેર કોણે ભેળવ્યુ તેની તપાસ ચાલુ**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નજીક રાયસણ ગામમાં ગઈ મોડી સાંજે એક પરિવાર જમીને સુઈ ગયુ હતુ. અચાનક પરિવારના ચાર સભ્યો પૈકી મોડી રાત્રે ત્રણ સભ્યોને અસર થવા લાગી..! ૧૦૮ એમ્બ્યુલન્સ

### રીંગણના શાકમાં ઝેર હોવાનું ખુલ્યુ

બોલાવી પતિ-પત્નિ અને પુત્ર કે જેમની તબીયત લથડી હતી તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. જ્યાં પતિ-પત્નિના કરૂણ મૃત્યુ નિપજ્યા હતા જ્યારે પુત્ર આઈસીયુમાં દાખલ છે. આ રહસ્યમય ઘટના અંગે તપાસ કરતા સનસનીખેજ વિગતો બહાર આવી છે કે મોડી સાંજે પરિવારના સભ્યોએ જે ભોજન લીધુ હતુ તેમાં રીંગણના શાકમાં કોઈએ ઝેર ભેળવી નાંખ્યુ હતુ અને ઝેરની અસરથી પતિ-પત્નિના મૃત્યુ થઈ ચુક્યુ છે જ્યારે પુત્ર હોસ્પિટલમાં દાખલ છે. પરીવારની ચોથી સભ્ય ૧૭ વર્ષની પુત્રીએ રાત્રે શાક-રોટલી ખાધી ન હોવાથી તેણીને કાંઈ થયુ ન હતુ. ઈન્ફોસીટી પોલીસે પ્રાથમિક તબક્કે અકસ્માત મોતનો ગુનો નોંધી એફએસએલની મદદ લઈ ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાયસણ ગામમાં રહેતા ૫૫ વર્ષિય મુળાજી રામાજી ઠાકોર ચોકીદારીનો વ્યવસાય કરતા હતા. તેમના પરિવારમાં પત્નિ રાધાબેન મુળાજી ઠાકોર (ઉં.વ. ૪૨) તેમનો એક પુત્ર મોહન ઠાકોર (ઉં.વ. ૨૫) તથા ૧૭ વર્ષિય પુત્રી સહિત ચાર સભ્યો છે. ગઈ કાલે મોડી સાંજે ૧૭ વર્ષિય પુત્રીએ બટાકા પૌવા ખાઈ લીધા હતા. રીંગણ બટાકાનું શાક અને રોટલા બનાવ્યા હતા તે પતિ-પત્નિ અને પુત્રએ ખાધા હતા. પુત્રીને ભુખ ન હોવાથી આ ભોજનને અડકી ન હતી. જમી

● અનુસંધાન પાન-૭ પર



## ખેડૂતોને રસ્તાઓ પર ઉતરવુ પડે તે સારી નિશાની નથી

**દેશમાં ખેડૂતોની હાલત સૌથી વધુ કફોડી : સિંચાઈનું પાણી અને ખેત ઉત્પાદનોના પૂરા ભાવ ન મળવાથી જગતનો તાત દેવામાં ડુબતો જાય છે**

ગાંધીનગર, તા. ૧

ડુંગળીના ઉત્પાદનમાં આગળ પડતુ સ્થાન ધરાવતા ભાવનગર-મહુવા પંથકના ખેડૂતો ડુંગળીના પોષણક્ષમ ભાવો ન મળતાં ડુંગળીનું વિના મુલ્યે વિતરણ કરી રહ્યા છે તેવા સમાચારો હમણાં હમણાં જ અખબારોમાં વાંચવા મળ્યા હતા. આ અગાઉ મગફળી ઉગાડનાર ખેડૂતોની હાલત કફોડી બની હતી અને સરકારના ટેકાના

**સમયસર**

ભાવે મગફળી ખરીદવાની જરૂરીયાત ઉભી થઈ હતી. સમગ્ર દેશમાં આવી જ હાલત છે. જગતનો તાત દુઃખી છે. દેવાના બોજ તળે દબાયેલા ખેડૂતોએ દેશવ્યાપી દેખાવો શરૂ કર્યા છે. જે કોઈપણ સરકાર માટે સારી નીશાની નથી.

રાષ્ટ્રીય કિસાન સંગઠન સહિત અન્ય કેટલાક સંગઠનોએ એકત્ર થઈ દેશવ્યાપી આંદોલનનું રણશીંગુ ફુંક્યુ છે. ૧૦મી જૂન સુધી ખેડૂતો તમામ ખેડ ઉત્પાદનોનું વેચાણ અટકાવી દેશે. ખેડૂતોના બનેલા આ સંગઠને સરકાર સુધી જગતના તાતની મુશ્કેલીઓ પહોંચાડવા આંદોલન અને દેખાવોનો સહારો લીધો છે. ગમે તેટલા વિકાસના દાવા કરવામાં આવે પરંતુ હકીકત એ છે કે ખેડૂતો-કિસાનો દુઃખી છે. આપણા દેશની વરસાદ આધારિત ખેતીથી ખેડૂતો પરેશાન છે. રાજ્ય સરકારો સિંચાઈની પુરતી સગવડ આપતી નથી. સિંચાઈની સગવડ મળે તો જેમ તેમ કરીને દેવી કરીને બીચારો ખેડૂત ખેતી કરે અને અનાજ કે અન્ય કોઈ ખેત ઉત્પાદન ઉગાડે છે. પરસેવો પાડીને લાખોના દેવામાં ડુબીને તૈયાર થયેલા ખેત ઉત્પાદનના જો પુરતા ભાવ ન મળે તો બીચારા ખેડૂતને તો આત્મહત્યા જ કરવી પડે. દેશભરમાં આવા કંઈ કેટલાય ખેડૂતોએ આત્મહત્યા કરી હોવાના બનાવો નોંધાયા છે પરંતુ તેને ભાગ્યે જ બહાર આવવા દેવાય છે.

એક તરફ ખેડૂતોને ખેત ઉત્પાદનના પૂરા ભાવ મળતા નથી તો બીજી તરફ ગૃહિણીઓને શાકભાજી સહિતની ચીજવસ્તુઓ ખુબ મોંઘા ભાવે મળી રહી છે. વચેટીયાઓ જ બધી મલાઈ ખાઈ જતાં હોવાથી ખેડૂતો સમૃદ્ધ થતાં નથી અને ગૃહિણીઓને મોંઘાભાવે શાકભાજી-અનાજ વગેરે ખરીદવું પડે છે. ખેડૂતો પાસેથી સીધા જ ખેત ઉત્પાદનો ખરીદી શકાય તેવી વ્યવસ્થા સરકાર ગોઠવી શકી નથી. ખેડૂતોને તેમના ઉત્પાદનોના પૂરા ભાવો મળે તે માટે સ્વામીનાથન કમિશનની ભલામણોને સરકાર સ્વીકારતી નથી. આ ભલામણો સ્વીકારવા તથા ખેડૂતોના દેવાની માફી સહિતની માંગણીઓ સાથે ખેડૂતો રસ્તાઓ પર ઉતર્યા છે. આગામી દિવસોમાં જો રાજ્ય અને કેન્દ્ર સરકારો દ્વારા કોઈ પગલાં લેવામાં નહીં આવે તો શાકભાજી અને દૂધનો સપ્લાય બંધ કરવાની ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે. આવતા વર્ષે ચૂંટણી છે. ભાજપ માટે કિસાનોના વોટ ખૂબ મહત્વના છે. આવા સમયે કિસાનો નારાજ હોય તે જરાય પોષાય તેમ નથી. સરકાર જો ઝડપથી કોઈ પગલાં નહીં ભરે તો મોદી સરકાર માટે આ ખેડૂતો મુશ્કેલી પેદા કરી શકે છે.

## મનપાને મિલ્કતવેરાની આવક ૧૫ કરોડ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકામાં આ વેળાએ એડવાન્સ ટેક્સ પેટે રૂ. ૧૫ કરોડની આવક થવા પામી છે.

મનપા દ્વારા મિલ્કતવેરાની આવક તેના લક્ષ્યાંક કરતાં થોડીક વધારે થઈ છે. ગત વર્ષે આ આવક રૂ. ૧૩ કરોડ જેટલી હતી જો કે આજથી મિલ્કતવેરો ભરનાર પાસેથી વ્યાજ વસુલવામાં આવશે. ૧-૪-૧૮થી ૩૧-૫-૧૮ સુધી ૧૦ ટકા રિબેટ ઉપરાંત ઓનલાઈન પેમેન્ટમાં બે ટકા પ્રોત્સાહક રિબેટની જાહેરાત કરાઈ હતી.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ વખતે ઓનલાઈન પેમેન્ટ કરનાર કરદાતાઓની સંખ્યામાં નોંધપાત્ર

**૩૧-૫-૧૮ પછી બિલ ભરનાર પાસેથી ૧૮ ટકા લેખે વ્યાજ વસુલવામાં આવશે**

વધારો થયો છે. જો કે બે દિવસની બેંક કર્મચારીઓની હડતાલની અસર મનપાની વેરા વસુલાત પર થઈ હોવાની વાતો પણ છાને છપને થતી સાંભળવા મળી હતી.

૧-૬-૧૮ના રોજ પણ મિલ્કતવેરો ભરનાર પાસેથી ૧૮ ટકા લેખે બે મહિનાનું વ્યાજ વસુલવામાં આવતાં કેટલાક નગરજનોએ નારાજગી વ્યક્ત કરી અને અધિકારીઓને રજુઆત કરી હતી. જોકે અધિકારીઓએ આ સરકારી નિયત હોવાનું જણાવી હાથ ઊંચા કરી દીધા હતા.

મનપા દ્વારા વેરા વસુલાતમાં સરકારના બાકી નાણાંમાં વ્યાજ કેટલુ વસુલવામાં આવશે તેના પર હવે સૌની નજર મંડાયેલી છે. સરકારના ઘણા બધા વિભાગો પાસેથી મિલ્કતવેરાની વસુલાત બાકી બોલી રહી છે.

## મુક્તિધામનું સંચાલન હવે મનપા જાતે જ કરશે

**સ્થાયી સમિતિની બેઠકમાં આજે લેવાયેલો નિર્ણય : વરસાદી મોસમને લઈ તંત્રને પણ સતર્ક રહેવા માટે કરાયેલી કડક તાકીદ**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગરપાલિકા હવે જાતે જ મુક્તિધામનું સંચાલન કરશે તેવો નિર્ણય આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં કરવામાં આવ્યો હતો.

થોડા દિવસ અગાઉ જુનિયર સીટીઝન કાઉન્સીલે આ મુક્તિધામના વહીવટમાંથી મુક્તિ માંગી હતી. આજે મળેલ સ્થાયી સમિતિએ હવે મનપા જાતે જ વહીવટ કરશે તેવો નિર્ણય કરી અને વહીવટીય ચાર્જ સંભાળી લેવા તંત્રના અધિકારીઓને સૂચના આપી હતી. આ માટે રૂ. ૧.૭૫ કરોડ જેટલો ખર્ચ થશે.

આજની સ્થાયી સમિતિએ સે. ૭ અને ૨૮માં રિફ્યુઝ ટ્રાન્સપોર્ટ સ્ટેશનમાં શેડ બનાવવાની કામગીરી અંગેના ટેન્ડરને પણ બહાલી આપી અને કામગીરી માટેનો વર્કઓર્ડર આપવાનો નિર્ણય કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## ઝુંડાલમાં ૧૦૦ સગર્ભા માતાઓને દવાયુક્ત મચ્છરદાનીનું વિતરણ કરાયુ



ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં આજથી આરંભાયેલ મેલેરિયા વિરોધી માસની ઉજવણીના પ્રથમ દિવસે જ સુઘડ પ્રા.આ. કેન્દ્રના ઝુંડાલ ગામે ૧૦૦ સગર્ભા માતાઓને મચ્છરદાનીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

૧૨૫ જેટલી મહિલાઓની યોજાયેલી આ શિબિરમાં જિલ્લા મેલેરિયા અધિકારી સુશ્રી મમતાબેન દત્તાણીએ મેલેરિયાથી બચવા શું કરવું જોઈએ તેની સાદી ભાષામાં સમજ આપી હતી. સગર્ભા માતાઓને મચ્છરદાનીમાં કેમ સુવુ જોઈએ તેની પણ વિગતો આપી અને જનજાગૃતિ અભિયાનનો આરંભ કરાવ્યો હતો. જુન માસને મેલેરિયા વિરોધી માસ તરીકે કેમ ઉજવવામાં આવે છે તે પણ સમજાવ્યુ હતુ. ઝુંડાલ ગામે આજે જે મચ્છરદાનીનું વિતરણ કરવામાં આવ્યુ હતુ તે દાતાઓ દ્વારા આપવામાં આવી હતી તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ હતુ.

આજની આ શિબિરને સુઘડ પી.એચ.સી.ના મેડીકલ ઓફિસરે પણ ટુંકુ સંબોધન કરી સરકાર દ્વારા સ્વચ્છતા અને સ્વસ્થતા બાબતે લેવાયેલા પગલાંઓની જાણકારી આપી હતી.

આ શિબિરમાં ગામના સરપંચ અને ઉપસરપંચે પણ હાજરી આપી મેલેરિયા નાબુદી ઝુંબેશને સઘન બનાવવામાં સંપૂર્ણ સહયોગ ગ્રામજનો તરફથી આપવાની જાહેરાત કરી હતી.

## ધો-૧૦ માં નીચા પરિણામવાળી શાળાની માન્યતા રદ થશે

**શિક્ષણતંત્ર દ્વારા બન્ને ગ્રાન્ટેડ શાળાઓને નોટીસ : દહેગામની વિકલાંગ શાળા પણ સંખ્યાના અભાવે બંધ થશે :સુનાવણીના અંતે તબક્કાવાર વર્ગો બંધ કરાશે**

ગાંધીનગર તા ૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૮ માં લેવાયેલી ધો-૧૦ ની પરીક્ષાનુ પરિણામ જાહેર થતા પાટનગરની કેટલીક શાળાઓમાં જ દિવા તળે અંધારુ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જિલ્લામાં ૩૦ ટકાથી ઓછુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા પણ વિશેષ છે. જયારે ૧૦ ટકાથી નીચુ પરિણામ ધરાવતી અને વિદ્યાર્થીઓની સંખ્યા ન હોવાના લીધે બે શાળાઓની માન્યતા રદ કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે.

ધોરણ -૧૦ માં નબળુ પરિણામ ધરાવતી શાળાઓ આમ પણ શિક્ષણ તંત્ર માટે ચિંતાનો વિષય બની છે.જયારે ગત દિવસોમાં જાહેર થયેલા ધોરણ -૧૦ ના પરિણામના અંતે જિલ્લામાં ૧૨ જેટલી શાળાઓનુ પરિણામ ૩૦ ટકાથી પણ ઓછુ હોવાનુ ધ્યાને આવ્યુ છે. જો કે આ નબળુ પરિણામ ધરાવતી શાળાઓની સંખ્યા ઘટી હોવાનુ પણ શિક્ષણતંત્રએ જણાંવ્યુ છે. જયારે એક શહેરની અને એક દહેગામની શાળામાં છેલ્લા ઘણાં સમયથી શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા ન હોવા ઉપરાંત પરિણામ નીચુ હોવાના લીધે આ શાળાઓની માન્યતા રદ કરવા સુધીના પગલા લેવાશે. શિક્ષણ તંત્રએ નગરની તક્ષશિલા શાળા તેમજ દહેગામની વિકલાંગ શાળાને આ મામલે અગાઉ નોટીસ પણ આપી છે.જયારે આ બન્ને શાળા ગ્રાન્ટેડ છે. અગાઉ અનેક વખતની તાકીદના અંતે પણ શાળા કક્ષાએથી પરિણામ સુધારણા અંગે પણ કોઇ ધ્યાન અપાતુ ન હોવાનુ પણ શિક્ષણતંત્રના ધ્યાને આવ્યુ છે. જયારે દહેગામની શાળામાં પણ વિદ્યાર્થીઓની સંખ્યા થતી નથી. આ મામલે શિક્ષણતંત્રએ નોટીસ આપ્યા બાદ આગામી દિવસોમાં સુનાવણી પણ હાથ ધરાશે. જયારે તબક્કાવાર શાળાના તમામ વર્ગો પણ બંધ કરી દેવાશે.

## ગાંધીનગર જિલ્લામાં A1 ગ્રેડમાં માહી કોમર્સ ઝોન તમામ સ્કૂલ અને ક્લાસીસમાં સર્વ પ્રથમ

**A1 ગ્રેડમાં સૌથી વધુ સંખ્યા : જિલ્લામાં ૪ વિદ્યાર્થીની A1 ગ્રેડમાં**

સામાન્ય પ્રવાહમાં ટોપર્સમાં પ્રથમ જાનવીબેન જુવાનસિંહ ચાવડા - **99.96 PR, 700** માર્કર્સમાંથી **463, 91.85%, A1** ગ્રેડમાં સ્થાન પ્રાપ્ત કરેલ છે. જેઓ ગાંધીનગર કેન્દ્રમાં પ્રથમ સ્થાને છે. તેઓએ નામાના મૂળતત્વોમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કરેલ છે. તે **C.A.** બનવા માંગે છે. પોતે સફળતાનો શ્રેય માતા-પિતા, દશરથસર તથા શિક્ષકગણને આપે છે.

કેન્દ્રમાં ત્રીજા સ્થાને માનસી પટેલ - **99.91 PR, A1** ગ્રેડ, કેન્દ્રમાં છઠ્ઠા સ્થાને, કનીશા રાઠોડ - **99.88 PR, A1** ગ્રેડ તથા વિધિ સુથાર - **99.88 PR, A1** ગ્રેડ, રીયા નાયક - **99.74 PR, A2** ગ્રેડ, માનસી ઠક્કર **99.68 PR, A2** ગ્રેડ પ્રાપ્ત કરેલ છે.

તમે આટલા બધા ટોપર્સ એક જ ક્લાસીસના કેવી રીતે ? તેવું પૂછતા તેમણે જણાવેલ કે **માહી કોમર્સ ઝોનના સંચાલક શ્રી દશરથસર**ની ભણાવવાની પદ્ધતિ, અર્થશાસ્ત્ર અને વાણિજ્ય વ્યવસ્થાની રંગીન બુક, પ્રોજેક્ટર દ્વારા અભ્યાસ, વિડિયો લેક્ચર્સ, ટેસ્ટ સીરીઝ, પ્રોગ્રેસ રીપોર્ટ, સખત મહેનત, રિવિઝન, સહકાર, ડિફિકલ્ટી સોલ્યુશન માટે સમયની ફાળવણી, વ્યસ્થિત માર્ગદર્શન મળવાને કારણે સફળતા મળેલ છે.

વધુમાં તેઓએ જણાવેલ કે ધો.૧૦માં અમારે એક પણ વિદ્યાર્થીને **A1** ગ્રેડ ન હોવા છતાં **4 A1** ગ્રેડ **માત્ર માહી કોમર્સ ઝોન**ની વિદ્યાર્થીનીઓએ મેળવેલ છે. જેમના દરેકના પરિણામમાં ખૂબ જ સારો સુધારો થયેલ છે. ★★★

## શહેરી ગામોમાં ટાંકી અને સંપના નિર્માણ બાદ પાણીની સમસ્યા હલ થશે

ગાંધીનગર તા ૧

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકારને ડામવા માટે નવતર આયોજન કરવામાં આવ્યુ છે. ગ્રામ્ય વિસ્તારમાં પાણીની નવી ટાંકી તેમજ સંપ બનાવવાનુ કામ હાથ ધરાયુ છે. પાલજ , બાસણ અને બોરીજમાં રૂ ૩.૪૮ કરોડના ખર્ચે સંપ અને ટાંકી બનાવવાનુ કામ પ્રગતિ હેઠળ છે. જયારે આગામી ૬ મહીનામાં આ કામગીરી પુર્ણ કરી દેવાશે. જયારે આગામી ઉનાળા દરમિયાન ગ્રામ્ય વિસ્તારમાં પાણીની સમસ્યા હલ થઈ જશે.

**ટાંકી અને સંપનુ કામ પ્રગતિ હેઠળ : પાઇપલાઇનની કામગીરી પણ હાથ ધરાશે**

ગાંધીનગર શહેર ઉપરાંત શહેરી વિસ્તારના ગામોમાં પાણીની પોકારને ડામવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. શહેરી વિસ્તારમાં પણ પાણીની પોકારને ડામવા માટે નવો સર્વે તૈયાર કરી દેવાયો છે. આગામી દિવસોમાં શહેરમાં ૨૪ કલાક પાણી આપવા માટે પણ પ્લાન તૈયાર કરી દેવાયો છે. જયારે શહેરી વિસ્તારના ગામોમાં પણ લાંબા સમયથી પાણીની પોકાર કકળાટનુ કારણ બની છે. અવારનવાર સ્થાનિકો દ્વારા તંત્રને રજુઆત કરવામાં આવે છે. જેને અનુલક્ષી

● અનુસંધાન પાન-૭ પર


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR.FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com